# <u>પ્રકરણ-૪</u>

(નિયમ સંગ્રહ-૩)

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમસંગ્રહ અને ફરજો.

# પ્રકરણ-૪

## (નિયમ સંગ્રહ-3)

**કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સુચનાઓ નિયમસંગ્રહ અને દફતરો.**

**૪.૧ જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી.**

| ક્રમ | દસ્તાવેજનું નામ / મથાળું | દસ્તાવેજ પરનું ટૂંકુ લખાણ | નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે | નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો) |
|---|---|---|---|---|
| ૧ | જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૦૦ | ૧૮ વર્ષ સુધીના ઉપેક્ષિત, રખડતા, અનાથ, નિરાધાર અને ગુન્હાહિત પ્રવૃત્તિતરફ વળેલા બાળકોના યોગ્ય રક્ષણ, આશ્રય, શિક્ષણ અને તાલીમ દ્વારા સમાજમાં પુનઃસ્થાપિત કરવા સારૂ બાળ ન્યાય ધારો-૨૦૦૦ અમલમાં છે. આ ધારાના અમલ માટે સંભાળ અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકો માટે ચાઈલ્ડ વેલફેર કમિટિ કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો માટે - જુવેનાઈલ જરસ્ટીસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. | સંબંધિત સંસ્થા તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |
| ૨ | પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ | ૧. સમય અને સંજોગોનો ભોગ બનીને પ્રથમ વખત ગુનામાં | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા | વિના મૂલ્યે |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૫૮ | આવતા યુવાન ગુનેગારોને આ કાયદા હેઠલ લાભ આપવામાં આવે છે.<br>૨. આવા યુવાન ગુનેગારોને સજા ન કરતા ઠપકો, જામીન કે ખાતા હસ્તકના પ્રોબેશન ઓફિસરની દેખરેખ હેઠળ મુકવામાં આવે છે.<br>૩. નામ.કોર્ટ દ્વારા આ અંગેના પ્રોબેશન ઓફિસરનાં અહેવાલ માંગવામાં આવે છે.<br>૪. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે પ્રોબેશન ઓફિસર, ચિફ ઓફિસર આ કાયદા અન્વયે કામગીરી કરે છે. | અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | |
| 3 | ભિક્ષા પ્રતિબંધક ધારો-૧૯૫૯ | ૧. મહાનગરપાલિકાઓમાં આ કાયદો અમલમાં છે.<br>૨. રખડતા ભટકતા નિસહાય પુરુષો અને મહિલાઓ જે ભીખ માંગી જીવન જીવતા હોય તેમની આ કાયદા હેઠળ અટક કરવામાં આવે છે.<br>૩. કોર્ટના હુકમ અન્વયે આશ્રય, રક્ષણ અને તાલીમ આપી પુનઃસ્થાપીત કરવામાં આવે છે. નામ. કોર્ટની મુદત પૂર્ણ થતા અંતેવાસીઓને સંસ્થામાં લીધેલ તાલીમને આધારે સાધન સહાય રૂપે રૂ.૫૦૦૦/- ના સાધન આપી પુનઃસ્થાપીત કરવામાં આવે છે. | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | અનાથાશ્રમો અને અન્ય સખાવતી ગૃહો દેખરેખ અને નિયંત્રણ ધારો- ૧૯૬૦ | ૧. ગુજરાત રાજ્યમાં મહિલા અને બાળકોને આશ્રય આપી રક્ષણ, શિક્ષણ અને તાલિમ આપવાની કાર્યવાહી કરવા માટે સંસ્થા ચલાવવા માટેનું લાયસન્સ આપવા અંગેની કામગીરી.<br>૨. આ ધાર હેઠળ કુલ-૧૦૪ સંસ્થાઓને લાયસન્સ આપવામાં આવેલ છે.<br>૩. નિયામક, સમાજ સુરક્ષા દ્વારા આ સંસ્થાઓની કામગીરી પર દેખરેખ અન નિયંત્રણ રાખવામાં આવે છે.<br>૪. નિયામક, સમાજ સુરક્ષા ખાતા પાસેથી લાયસન્સ મેળવ્યા સિવાય સંસ્થા ચલાવી શકાય નહિ. | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |
| ૫ | બાળ લગ્ન પ્રતિબંધક ધારો- ૧૯૨૯ (સુધારેલ ૨૦૦૭) | ૧. બાળ લગ્ન અટકાવવાનો મુખ્ય ઉદ્દેશ છે.<br>૨. બાળ લગ્ન અટકાવવાની સત્તા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી અને પોલીસને સોંપવામાં આવેલી છે.<br>૩. અરજી કોઈ પણ વ્યક્તિ કરી શકે છે.<br>૪. બાળ લગ્ન કરનાર અને કરાવવાનારને દંડ અને સજા બંન્ને થઈ શકે છે.<br>૫. રાજ્યમાં આ માટે દરેક જિલ્લામાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી ફરજ | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |

| | | | | |
|---|---|---|---|---|
| | | બજાવે છે. | | |
| ૬ | વિકલાંગ (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો ૧૯૯૫ | વિકલાંગ વ્યક્તિઓને (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગીના) ધારો- ૧૯૯૫ માં ઘડયો અને તે ૧૨ ડીસેમ્બર-૧૯૯૫ ના દિવસે સંસદમાં મંજૂર કરવામાં આવ્યો. આ ધારો ગુજરાતમાં તા.૭-૨-૯૬ થી અલમાં આવેલ છે.<br>વિકલાંગ ધારો અન્વયે રાજ્યમાં કુલ-૬૬૦ સ્વૈચ્છિક સંસ્થાઓને કલમ-૫૦ હેઠળ નોંધણી પ્રમાણપત્ર (રજિસ્ટ્રેશન) આપેલ છે. | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |
| ૭ | સ્વ-લીનતા, મગજનો લકવો, મંદબુધ્ધિતા અને બહુ વિકલાંગતા ગ્રસ્ત વ્યક્તિઓના કલ્યાણ માટેનો રાષ્ટ્રીય ટ્રષ્ટ ધારો (૧૯૯૯) | મંદબુધ્ધિ સેરિબલ પાલસી ઓરિઝમ અને બહુવિધ વિકલાંગતાના ધરાવતી વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે.<br>આ ટ્રસ્ટ મંદબુધ્ધિ, ઓરિઝમ સેરિબ્રલ પાલસી અને બહુવિકલાંગતા ધરાવતા વ્યક્તિઓની સંપૂર્ણ કાળજી રાખશો અને ટ્રષ્ટને વારસામાં મળેલ મિલકતોનું સંચાલન પણ કરશે.<br>આ માટે જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા લોકલ બેવમ કમિટિની રચના કરવામાં આવેલ છે. ભારતીય પુનઃસ્થાપન પરિષદ (આર.સી.આઈ.) | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |
| ૮ | ભારતની પુનઃસ્થાપન પરિષદ | ભારત સરકારે ૧૯૮૬ના મંડળીઓની નોંધણી અધિનિયમ હેઠળ ૧૯૮૬માં પુનઃસ્થાપન પરિષદની નોંધાયેલ મંડળ | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી | વિના મૂલ્યે |

| | | | | |
|---|---|---|---|---|
| | | તરીકે સ્થાપના કરી છે. ૩૧ મી જુલાઇ, ૧૯૯૩થી ભારતના પુનઃસ્થાપન પરિષદ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ તેનું સ્વાયત્ત સંસ્થા તરીકે રૂપાંતર કરવામાં આવ્યુ હતુ. આ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ છે. | સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | |
| ૯ | ગ્રાન્ટ-ઇન-એઈડ કોડ ૧૯૯૨ (સ્વૈચ્છિક સંસ્થાઓની ગ્રાન્ટ બાબત | સમાજના ઉપેક્ષિત વર્ગો જેવા કે, વિકલાંગો, અનાથ-નિરાધાર બાળકો, નિરાધાર અને મુશ્કેલીમાં મુકાયેલ મહિલાઓ, અશક્ત વૃધ્ધો, ભિક્ષુકો વિગેરેના આશ્રય, ભોજન, શૈક્ષણિક અને ધંધાકીય તાલીમ આપતી સ્વૈચ્છિક સંસ્થાઓને તેઓની પ્રવૃત્તિઓને મદદરૂપ થવા માટે સરકાર દ્વારા ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના નિયમોને આધારે અનુદાન આપવામાં આવે છે. | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |
| ૧૦ | પાલક માતા-પિતા યોજના | સંસ્થામાંથી અનાથ બાળકોનો દત્તક ઉછેરમાં ન અપાય તેવા બાળકોને કૌટુંબિક વાતાવરણ મળે તે હેતુસર આ યોજનાનો લાભ આપવામાં આવે છે. | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તેમજ નિયામકશ્રી સમાજ સુરક્ષા ની કચેરી, બ્લોક નં.૧૬, જૂના સચિવાલય, ગાંધીનગર. | વિના મૂલ્યે |